ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

પ્રેસનોટ તા.૧૨.૦૨.૨૦૧૮

------------------

**પ્રદેશ અધ્યક્ષશ્રી જીતુભાઇ વાઘાણી, મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી, નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ તેમજ પ્રદેશ અગ્રણીશ્રીઓની ઉપસ્થિતિમાં**

**ભાજપા દ્વારા આગામી ૧૪, ફેબ્રુઆરીના રોજ "સરપંચશ્રીઓનો અભિવાદન સમારોહ" પ્રદેશ કાર્યાલય "શ્રી કમલમ્" ગાંધીનગર ખાતે યોજાશે.**

------------------

ભાજપાના પ્રદેશ પ્રવક્તાશ્રી ભરત પંડ્યાએ જણાવ્યું હતુ કે, ગ્રામ પંચાયતની ચૂંટણીઓમાં ચૂંટાયેલા ભાજપા સમર્થિત **"સરપંચશ્રીઓનો અભિવાદન સમારોહ"** આગામી તારીખ ૧૪, ફેબ્રુઆરી, બુધવારના રોજ બપોરે ૧૨.૦૦ કલાકે પ્રદેશ કાર્યાલય "શ્રી કમલમ્" ગાંધીનગર ખાતે રાખવામાં આવ્યો છે. આ સમારોહમાં ભાજપા પ્રદેશ અધ્યક્ષશ્રી જીતુભાઇ વાઘાણી, મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી, નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ તેમજ પ્રદેશ અગ્રણીશ્રીઓ ઉપસ્થિત રહેશે.

શ્રી પંડ્યાએ જણાવ્યું હતુ કે, તાજેતરમાં જ પૂર્ણ થયેલ ગ્રામ પંચાયતોની ચૂંટણીમાં ૮૦ ટકા ભાજપા સમર્થિત સરપંચો અને સદસ્યો ચૂંટાઇ આવ્યા છે. ભાજપા સરકારની ગ્રામ્ય વિકાસલક્ષી અને ખેડૂત હિતલક્ષી યોજનાઓને ફરી એક વખત સંપૂર્ણ સમર્થન આપી ગ્રામીણ જનતાએ ભાજપા સમર્થિત ઉમેદવારોને ભવ્ય વિજય અપાવ્યો છે. જ્ઞાતિ-જાતિ વચ્ચે વેર-ઝેર, ભ્રષ્ટાચાર અને નકારાત્મક રાજનીતિના કારણે ગુજરાત વિધાનસભામાં સતત છઠ્ઠી વખત હારેલી કોંગ્રેસને ગ્રામીણ જનતાએ ફરી એક વખત જાકારો આપ્યો છે.

શ્રી પંડ્યાએ જણાવ્યું હતુ કે, સરપંચશ્રીઓના અભિવાદન સમારોહમાં સમગ્ર ગુજરાતમાંથી ચૂંટાયેલા ભાજપા સમર્થિત સરપંચશ્રીઓ અને સભ્યશ્રીઓ ઉપસ્થિત રહેશે. આ ઉપરાંત પ્રદેશ ભાજપાના હોદ્દેદારશ્રીઓ તેમજ અપેક્ષીત કાર્યકર્તાશ્રીઓ ઉપસ્થિત રહેશે.

(ડૉ. હર્ષદ પટેલ)
પ્રદેશ કન્વીનર - મીડિયા વિભાગ